# ભારતીય જનતા પક્ષ

કેન્દ્રીય કાર્યાલય

11, અશોક રોડ, નવી દિલ્હી-110001

ફોનઃ 23005700, ફેક્સઃ 23005787

## રાજ્યસભાના વિપક્ષી ઉપ નેતા અને ભાજપના મુખ્ય પ્રવક્તા શ્રી રવિશંકર પ્રસાદનું પ્રેસ વક્તવ્ય

# વધુ એક કૌભાંડ - આઝાદી પછીની સૌથી ભ્રષ્ટ યુપીએ સરકાર

ઈટાલીની સંરક્ષણ કંપની ફિનમેકાનિકા મારફત અગસ્તા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટરની ખરીદી અને વિતરણ બાબતે જાહેરમાં ગંભીર આક્ષેપો થઈ રહ્યા હોવા છતાં સરકારે હજી તે દિશામાં તપાસ કેમ હાથ ધરી નથી... છેલ્લા એક વર્ષથી એ બાબત ચર્ચાઈ રહી હતી કે રૂ. 3546 કરોડના હેલિકોપ્ટર ખરીદી સોદામાં રૂ. 350 કરોડનું જંગી કમિશન ચૂકવવામાં આવ્યું છે. ખરીદીમાં કમિશન ચૂકવણી ગુનો હોઈ આ એક ભ્રષ્ટાચાર છે. આ બાબતમાં નીચેના મુદ્દાઓ મહત્ત્વપૂર્ણ છેઃ

(1) અગસ્તા વેસ્ટલેન્ડ સાથેના કરારને વર્ષ 2007માં અંતિમ ઓપ અપાવાનો હતો અને તેના પર ફેબ્રુઆરી-2010માં સહીસિક્કા થવાના હતા.

(2) આ સોદા વિશે ઈન્ડિયન એક્સપ્રેસ જેવા પ્રખ્યાત અખબારો છેલ્લા એક વર્ષથી ગંભીર સવાલો ઊઠાવતા રહ્યા છે, જેમાં રજૂ કરાયેલા ભ્રષ્ટાચારના અવાજના પડઘા છેક ઈટાલી સુધી પહોંચ્યા હતા.

(3) ભારતીય દલાલો અને લશ્કરના ભૂતપૂર્વ વડાના નિકટવર્તી એવા અમુક લોકોની આમાં સંડોવણી હોવાના અહેવાલો પ્રગટ થતાં રહ્યા છે. ટીવી ચેનલ ટાઈમ્સ નાઉ દ્વારા તપાસ બાદ 27 માર્ચ, 2012ના રોજ એક અહેવાલ પ્રસારિત કરવામાં આવ્યો હતો, જેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે અગસ્તા વેસ્ટલેન્ડ કંપનીએ દિલ્હી પોલીસ માટેના હેલિકોપ્ટર

ખરીદીમાં ગેન્ટન લિમિટેડ સાથે કરેલા સોદા મુજબ 8થી 15 ટકા કમિશન આપવા સહમતી વ્યક્ત કરી હતી. આનો અર્થ એવો થયો કે તે કંપની કમિશન આપે છે. આ મામલે કેટલો ભ્રષ્ટાચાર થયો તેની તપાસ થવી જોઈએ.

(4) સરકારે આ મામલે કેમ તપાસ ન કરાવી... સંરક્ષણ પ્રધાન શ્રી એન્ટનીએ સંસદમાં ત્યાં સુધી કહ્યું કે તે સોદામાં કંઈ ખોટું થયું નથી.

(5) ઈટાલિયન અધિકારીઓ ફિનમેકાનિકા કંપની વિરૂદ્ધ ભ્રષ્ટાચારના આરોપ બાબતે તપાસ કરી અને હેલિકોપ્ટર ખરીદી કટકી કૌભાંડમાં કંપનીના સીઈઓની ધરપકડ પણ કરવામાં આવી.

(6) સરકારના આ દાવાને નીચેના કારણોથી યોગ્ય ન ઠરાવી શકાય, કારણ તેની વધુ જાણકારી ઈટાલીથી આવી નથી-

(અ) શું સરકારે તેની માહિતી મેળવવા ઈટાલી સરકારનો સંપર્ક સાધ્યો...

(બ) શું આ મામલે ઈટાલીના રાજદુતને બોલાવીને તેમને આ કેસમાં ઝડપી પગલાં લેવાનું કહેવામાં આવ્યું છે ખરું...

(ક) શું સંરક્ષણ મંત્રાલયે કોઈ અધિકારીઓને આ કેસની માહિતી મેળવવા ઈટાલી મોકલ્યા...

ઈટાલિયન અધિકારીઓ ફિનમેકાનિકા કંપની વિરૂદ્ધ ભ્રષ્ટાચારના આરોપ બાબતે તપાસ કરી રહ્યા છે, ત્યારે ભારત સરકાર કોઈને કોઈ કારણસર તેમાં વિલંબ કરે છે.

તપાસ કાર્યવાહીમાં વિલંબ શા માટે થઈ રહ્યો છે તે મુદ્દે શંકા ઊઠે એ સ્વાભાવિક છે. શું તે કંપની સાથે ઈટાલિયન સંબંધો તો આમાં જવાબદાર નથી ને... અગાઉ કોંગ્રેસ સરકારે કેવી રીતે ક્વૉટ્રોચીને બચાવવાની કોશિશ કરી હતી તે બધા જાણે છે.

યુપીએ સરકાર કૌભાંડો, ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારનું બીજું નામ બની ગઈ છે. આઝાદી પછીની આ સૌથી ભ્રષ્ટ સરકાર છે. ભાજપ આ મુદ્દો સંસદની અંદર તેમજ બહાર ઊઠાવશે. આ બાબતે વડા પ્રધાન, સોનિયા ગાંધી અને સંરક્ષણ પ્રધાને ખુલાસો કરવો જોઈએ. ભાજપ હેલિકોપ્ટર સોદાને અટકાવી દેવાની અને તેની સમીક્ષા કરવાની માગણી કરે છે.

સૌથી જરૂરી બાબત એ છે કે દેશને એ જાણ થવી જોઈએ કે કમિશન અને દલાલી કોને મળી.

ઓ.પી.કોહલી

હેડક્વાર્ટર ઈન્ચાર્જ